
## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



અરૂણાબેન પ્રકાશભાઈ લાલા
(૧૯૫૦) ફોન. ૨૩૨ ૨૪૧૭૫



જવ્વારહુસેન ગુલામહુસેન વ્હોરા
(૧૯૪૫) ફોન. ૨૩૨ ૨૫૫૨૦



મંગળદાસ માધવલાલ પટેલ
(૧૯૩૯) ફોન. ૨૩૨ ૩૫૮૩૫



ચંદ્રકાન્ત દત્તાત્રેય ધનેશ્વર
(૧૯૩૯) ફોન. ૨૩૨ ૨૫૩૫૭

# આજથી શ્રાવણ માસના પવિત્ર દિવસોમાં સાબરકાંઠાના શિવાલયો શ્રદ્ધાભક્તિથી છલકાશે

સાબરકાંઠા, તા. ૧૯

પવિત્ર શ્રાવણ માસનો આજથી ભક્તિભાવ અને શ્રધ્ધાના માહોલ સાથે પ્રારંભ થઈ ગયો છે ત્યારે બનાસકાંઠા જિલ્લાના તમામ શિવાલયો હરહર મહાદેવના નામથી ગુંજી ઉઠશે. ભગવાન ભોળાનાથને રીઝવવા માટેનો અનેરો મહિમા ધરાવતા શ્રાવણ માસ દરમિયાન ભક્તો શિવજીની ઉપાસનામાં લાગી જશે.

પ્રાપ્ત માહિતી અનુસાર બનાસકાંઠા જિલ્લામાં દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન એક બાજુ દશામાના વ્રતનો દિવાસાના દિવસથી પ્રારંભ થયોછે ત્યારે બીજા દિવસે પવિત્ર શ્રાવણ માસનો શુભારંભ થતા શિવ ભક્તિમાં ઓતપ્રોત થઈ ગયા છે. સરહદી બનાસકાંઠા જિલ્લામાં શિવ ભક્તિનું અનેરૂ મહત્વ હોવાથી ભગવાન શિવજીને રીઝવવા માટે શિવભક્તોની શિવાલયોમાં ભીડ જામવા લાગી છે. જિલ્લાના બાલારામ, હથીદ્રા, વિશ્વેશ્વર સહિતના સ્થળોએ ભક્તોની એક માસ સુધી ભારે અવરજવર રહેશે જ્યારે સોમવારના દિવસે ભક્તોની ભારે ભીડ ઉમટશે તથા શિવભક્તો શિવલિંગ પર દૂધ અને ગંગાજળનો અભિષેક તેમજ બીલીપત્રો ચડાવી શિવજીને પ્રસન્ન કરશે. જિલ્લાના તમામ શિવાલયોમાં ઓમ નમઃ શિવાય અને હર હર મહાદેવના પવિત્ર નાદ ગુંજી ઉઠશે. પાલનપુરના કિર્તિસ્થંભ વિસ્તારમાં આવેલ પાતાલેશ્વર મહાદેવ પણ અતિ પ્રાચિન શિવાલય છે આ સ્થળ ગુર્જર નરેશ પાટણપતિ સિદ્ધરાજ જયસિંહ સોલંકીનું જન્મ સ્થળ છે અને આ મંદિરમાં પવિત્ર શ્રાવણ માસ દરમિયાન શ્રદ્ધાના ઘોડાપુર ઉમટે છે. અરવલ્લીની ગિરીકંદરાઓમાં શોભાયમાન બાલારામ મંદિરમાં પણ શિવભક્તોનો મહેરામણ ઉમટે છે. વડગામ તાલુકાના મોકેશ્વરમાં આવેલ મુક્તેસ્વર મહાદેવના દર્શનનો અનેરો મહિમા છે.



કડી રોડ પર જાપાની કંપની હિટાચીનાં પ્લાન્ટમાં આગ ફાટી નીકળતાં ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવાયો હતો.

## આજથી ગાંધીનગરમાં સપ્તાહ સુધી શિવકથાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના યુવા કથાકાર સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે આજે સેકટર-૧૬ બાલાજી મંદિર ખાતે સિવકથાનું સાત દિવસ સુધીનું આયોજન કરવામાં આવ્યું છે.

શિવકથાના પ્રારંભે સોમનાથ મહાદેવ, બ્રહ્મભવન ખાતેથી શોભાયાત્રા બપોરે ૧ કલાકે નિકળશે. જે સમગ્ર સેક્ટર-૧૬માં થઈને કથા સ્થળ કૈલાસધામ, શ્રી બાલાજી મંદિર, સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે જશે. શિવકથા સાત દિવસસુધી દરરોજ બપોરે ૨ થી ૫.૩૦ કલાક ચાલશે. સમગ્ર પોથીયાત્રાનું સંચાલન મહિલા ભજન મંડળ કરશે. કથાનું રસપાન કરવા સૌ ભક્તજનોને ખાસ હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## બનાસકાંઠાના પાંથાવાડા ગામે રોયલ્ટી વિભાગની આકસ્મીક ચેકીંગ

પાંથાવાડા, તા. ૧૯

બનાસકાંઠા ખાણ ખનીજ વિભાગ દ્વારા રોયલ્ટી વિભાગની ટીમે પાંથાવાડા પંથકમાં ખાણ ખનીજનું ચેકીંગ હાથ ધરાયું હતું. સિયુ નદીમાંથી પાંચ ટ્રેક્ટરોમાં રોયલ્ટી વગર રેતી ચોરી લઈ જતા પકડાયા હતા.

બનાસકાંઠા ખાણ ખનીજ વિભાગના રોયલ્ટી વિભાગના ઈન્સ્પેક્ટર આશિષ સોનીએ બુધવારે સવારે પોતાની ટીમ દ્વારા પાંથાવાડા પંથકમાં ખાણ ખનીજ વિભાગ દ્વારા ચેકીંગ વાહનોનું કરતા સિયુ નદીમાંથી રોયલ્ટી વગર ટ્રેક્ટરો માટી ચોરવાનું કામ ચાલી રહ્યું હતું અને તપાસમાં પાંચ ટ્રેક્ટરોની પણ અટકાયત કરેલ છે. જેના નંબર આ મુજબ છે. જીજે-૮-પી-૭૧૩૩, જીજે-૮-પી-૭૧૬૧, જીજે-૮-સી-૫૪૯૭, જીજે-૮-જે-૬૬૧૦ એક ટ્રેક્ટરની નંબર પ્લેટ લખેલ નથી. કુલ પાંચ ટ્રેક્ટરોની અટકાયત કરી ડીટેઈન કરેલ છે.

## તલોદની તાજપુર, પડુસણ અને વાવ ગામની દૂધ મંડળીના ચેરમેનો નિમાયા

તાજપુર કેમ્પ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના તાજપુર, પડુસણ, અને વાવ ગામની દુધ મંડળીઓના ચેરમેનની સભાસદો દ્વારા બેઠક દરમિયાન સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

તલોદ તાલુકાના તાજપુર, પડુસણ અને વાવ ગામની દૂધ મંડળીઓના ચેરમેન માટેની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં દુધ મંડળીઓના સભ્યો તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. તાજપુર દુધ મંડળીના ચેરમેન પદે મણીભાઈ પટેલ વાવ દુધ મંડળીના ચેરમેન પદે રાકેશ પટેલ તેમજ પડુસણમાં વિનયસિંહ ઝાલાની ચેરમેન પદે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. નવા નિમાયેલા ચેરમેનોને સભાસદો તેમજ ગ્રામજનોએ પારદર્શક વહીવટ કરે તેમ શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા.

## સમાચાર ઝલક

- ભારતમાં ૧૦૦માંથી ૭૦ લોકો પાસે મોબાઇલ, મોબાઇલ ઇન્ટરનેટનો ઉપયોગ નહિવત.
- રાહુલનો ગુજરાતનો કાર્યક્રમ અચાનક રદ્દ થયો.
- પવિત્ર રમઝાન માસને મનાવવા મુસ્લિમ બિરાદરોનાં અનેરો ઉત્સાહ.
- શ્રાવણીયાઓએ બજેટ વધારવા પડશે, ફળ-ફૂલથી લઇ ફરાળ પણ મોંઘું.
- શત્રુઘ્નસિંહા પર સફળ બાયપાસ સર્જરી, ફિલ્મ અભિનેત્રી સોનાક્ષી સિંહા સતત હાજર રહી.
- ખાટલામાં સૂઇ રહેલ વૃધ્ધાને ઢસડી જઇ ફાડી ખાતો સિંહ, રાજુલા નજીક નાગેશ્રી ગામનો બનાવ.
- માલેગાંવ બ્લાસ્ટ - સાધ્વી પ્રજ્ઞાસિંહ ઠાકુરના જામીન ફગાવ્યા.
- ચોટીલાના જમાઇ રાજેશખન્નાના અવસાનથી શોકની લાગણી.
- નબળું ચોમાસું ખેડૂતોના ડૂચા કાઢશે, ૨૪,૦૦૦ કરોડનું થશે નુકશાન, પંજાબ હરિયાળા સૌથી વધુ અસરગ્રસ્ત.
- દોઢ વર્ષના બાળકે પાંચ તોલા સોનું રેલ્વેમાંથી ફેંકી દેતાં માતા લેવા ઉતરી, અને ટ્રેન ઉપડી ગઇ, રાજકોટ પોલીસે માતા-પુત્રનું મિલન કરાવ્યું.
- ગુજરાત હાઇકોર્ટ દ્વારા સેશન્સ એન્ડ ડિસ્ટ્રીક્ટ જજની પરીક્ષામાં ૧૪૨ ઉમેદવારો પાસ થયા.
- અમેરિકન વિદેશમંત્રી હિલેરી ક્લિન્ટને ૧૦૨ દેશોની મુસાફરી કરી.
- તા. ૨૫-૨૬મી જુલાઇએ બેંકોની હડતાળ મુલત્વી રહી છે.
- સૂરતીલાલાઓને જલસા મેટ્રો ટ્રેન પ્રોજેક્ટ માટે પસંદગી.
- ઉંઝા જવેલર્સની દુકાનમાંથી ૧૧.૯૩ લાખ રૂપિયાની ચોરીથી સનસનાટી.

## વિધાનસભામાં દિવંગત પૂર્વ સભ્યોને મુખ્યમંત્રીની શોકાંજલિ

મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે ગૃહના નેતા તરીકે ૧૨મી વિધાનસભાના અગિયારમાં સત્રના શોકદર્શક ઉલ્લેખોમાં ગુજરાત વિધાનસભાના પૂર્વસભ્યો સ્વ.શ્રી દેવજીભાઈ પરમાર, સ્વ.શ્રી વાડીલાલ કામદાર અને સ્વ.શ્રી પ્રભાતસિંહ હાથીસિંહ ચૌહાણના અવસાન અંગે શોકની લાગણી વ્યકત કરી સદ્દગત દિવંગત સભ્યશ્રીઓને અંજલિ આપી હતી અને સમગ્ર વિધાનગૃહ વતી દિલસોજી વ્યકત કરી હતી.

# શ્રેષ્ઠ ઈન્ફ્રાસ્ટ્રકચરના નિર્માણ માટે આઈ.આઈ.ટી. ઈન્સ્ટીટયુટ દેશની સંગીન સંસ્થા તરીકે ઉભરી આવશે


ગાંધીનગર, તા.૧૯

રાજયમાં શ્રેષ્ઠ માળખાગત સવલતો ઉભી થાય અને યુવાનોને કૌશલ્ય મુજબનું શિક્ષણ મળે તે આશયથી ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રકચર ટેકનોલોજી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ સંસ્થા દેશની સંગીન સંસ્થા તરીકે ઉભરી આવશે એમ શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું.

આજે વિધાનસભામાં ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રકચર ટેકનોલોજી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ વિધેયક પુનઃ વિચારણા માટે આવ્યું હતું. જેના પ્રત્યુત્તરમાં મંત્રીશ્રી વોરાએ કહ્યું કે મહામહિમ રાજયપાલશ્રી દ્વારા આ વિધેયક જે સુધારા વધારા કરવા માટે પુનઃ વિચારણા કરવા જણાવ્યું છે ત્યારે અગાઉ જ ગૃહમાં રક્ષાશકિત યુનિવર્સિટી ફોરેન્સિક યુનિવર્સિટી, પંડિત દિનદયાલ યુનિ. જેવી ૧૦ થી વધુ યુનિવર્સિટીને માન્યતા આપણે આપી છે ત્યારે તે મુજબ જ આ યુનિવર્સિટી રચાવાની છે. આ સંસ્થામાં યુજીસીના પેરામીટર જળવાતા નથી તેનો કયાંય ઉલ્લેખ કરાયો નથી. યુ.જી.સી.ની ગાઈડ લાઈનમાં સ્પષ્ટ જણાવાયું છે કે કોઈ ચોકકસ વિષયના અભ્યાસ માટે યુનિ.માં નિમણુંકો આપવાની હોય ત્યારે યુજીસીના નિયમો લાગુ પડતા નથી. રાજયમાં ૧૪ યુનિઓ ડાયરેકટર પ્રેસીડેન્ટ ચેરમેન જેવા હોદ્દાઓની નિમણુંક કરાઈ છે પંરતુ તેમની કામગીરી સરખી જ હોય છે.

તેમણે ઉમેર્યું હતું કે ગુજરાત નેશનલ લો યુનિ.માં ડાયરેકટરની નિમણુંક થાય છે વાઈસ ચાન્સેલરની નહીં અને તેની નિમણુંક પણ ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડિયા દ્વારા થાય છે. મોડલ એકટની ગાઈડ લાઈન મુજબ જ રાજયમાં ગવર્નરશ્રીની ભલામણ થી જ નિમણુંકો થાય છે. આ યુનિ.માં સ્વાયત્ત ન મળે તે નિમણુંકોની વાત થઈ છે. તેમાં યુનિવર્સિટી પોતાની રીતે પોતાનું કાર્ય કરી શકે તે પહેલા વચગાળાની વ્યવસ્થા માટે વાત કરાઈ છે. તેમણે કહ્યું કે છેલ્લા દશકામાં ગુજરાતની કોઈ યુનિવર્સિટીનું ઓડીટ કેગ દ્વારા થયું નથી. સી.એ. દ્વારા જ ઓડિટ થાય છે.

## શબ્દાવલી - ૪૭૯૩



**આડી ચાવી**

| | | |
|---|---|---|
| ૧. | મજબૂત | (૩) |
| ૩. | ખૂબ પાતળી તિરાડ | (૩) |
| ૫. | શરીર | (૨) |
| ૬. | પ્રપંચ | (૩) |
| ૮. | સોગન, કસમ | (૩) |
| ૯. | વૃક્ષ, ઝાડ | (૨) |
| ૧૦. | ખુબ ગલીઓ વાળું,... વાળુ | (૪) |
| ૧૨. | થંભાવ, રોકી લે | (૨) |
| ૧૩. | પત્ર | (૨) |
| ૧૪. | છૂ થઈ જવું, ભાગી જવું | (૩) |
| ૧૭. | કોડીથી રમાતી એક રમત | (૩) |
| ૨૦. | છૂટ્ટી | (૨) |
| ૨૧. | હિંમત | (૨) |
| ૨૩. | દાનત | (૩) |
| ૨૫. | લાજ, લજ્જા | (૩) |
| ૨૬. | મફત, ફ્રી | (૩) |

**ઊભી ચાવી**

| | | |
|---|---|---|
| ૧. | વૈરાગ્ય | (૪) |
| ૨. | જંગલ, વગડો | (૨) |
| ૩. | રસ્તો, રાહ, ઈન્તેજાર | (૨) |
| ૪. | કેલાસમાં... ડમ ડમ વાગે | (૩) |
| ૬. | ચણતરમાં ઉપયોગી કાળી પથરી | (૩) |
| ૭. | રસ્તો, કેડી | (૨) |
| ૮. | દુષ્યન્ત રાજાની પત્ની | (૪) |
| ૯. | ટસલ, બોલાચાલી | (૪) |
| ૧૧. | માથાના જંતુની અધાર | (૨) |
| ૧૨. | રૂઆબ, જુસ્સો | (૨) |
| ૧૫. | ઓઢવાની રૂની ગોદડી | (૩) |
| ૧૬. | હુકમ, આજ્ઞા | (૩) |
| ૧૮. | છૂટ્ટા વાળમાં ખાલી રબ્બર કે બક્કલ નાખવું તે | (૨) |
| ૧૯. | નાટક, ત્રાગડો કરવો | (૩) |
| ૨૨. | માદાનો વિરોધી શબ્દ | (૨) |
| ૨૪. | મોકો, લાગ | (૨) |

### શબ્દાવલી ૪૭૯૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) મહાવત (૪) હેત (૬) ધમની (૭) આચમન (૮) માણ (૯) ટેલીફોન (૧૧) મરો (૧૩) રેલી (૧૪) સડક (૧૬) કપ (૧૭) ચમક (૧૯) ઝાપટઝૂપટ (૨૧) બારોટ (૨૨) લોચન

**ઊભી ચાવી :-** (૧) મધર ટેરેસા (૨) હામ (૩) વની (૪) હેમખેમ (૫) તન (૭) આણ (૮) માનસપટ (૧૦) લીલી (૧૨) રોનક (૧૫) કચપટ (૧૬) કપટ (૧૮) મટન (૧૯) ઝારો (૨૦) ઝૂલો

# લેટીન અમેરિકા સહિતના દેશો ગુજરાતમાં રોકાણ માટે તત્પર

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની સૌજન્યુ મુલાકાત આજે લેટીન અમેરિકા અને કેરેબિયન દેશોનાં સાત જેટલા એમ્બેસેડરો-રાજદૂતોએ લીધી હતી. અને લેટીન અમેરિકા તથા કેરેબીયન દેશો, ગુજરાત જેવા વિકાસ માટે પથદર્શક ભારતીય રાજ્ય સાથે પરસ્પરના આર્થિક અને વાણિજ્યક સંબંધો વિકસાવવા ખૂબ આતુર છે એમ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીને મળેલા લેટીન અમેરિકા અને કેરેબિયન દેશોના આ રાજદૂત મહાનુભાવોમાં સર્વશ્રી જેવિયર પૌલિનીચ, (પેરૂ-એમ્બેસેડર), શ્રી કારલોસ ડ્યુઆર્ટે એમ્બેસેડર બ્રાઝીલ, જેમ ન્યુઆલાર્ટ એમ્બેસેડર-મેક્સીકો, જૂઆન એફ કોરડેરો-એમ્બેસેડર કોસ્ટારિકા, રૂબેન ઈગ્નારીએ ઝમોરા રિયાસ એમ્બેસેડર-અલ સાલ્વાડોર, શ્રીયુત ફેન્ક ફ્રાન્સ ડેનીનબર્ગ કાસ્ટેલનોસ-એમ્બેસેડર ડોમીનીક રિપબ્લીક નેસ્ટોર રિવસેસ કાઉન્સેલર કોમર્સ (ચીલી)નું આ એમ્બેસેડર પ્રતિનિધિમંડળ ગુજરાતના પ્રવાસે આવ્યું હતું. અને ગુજરાતના વેપાર વાણિજ્યની વિશ્વવિખ્યાત કુશળતા તથા ગુજરાત સરકારે નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં જે આર્થિક સમૃદ્ધિ હાંસલ કરી છે તેની પ્રશંસા કરી હતી.મુખ્યમંત્રીએ લેટિન અમેરિકા અને કેરેબિયન દેશો ગુજરાત સાથે પરસ્પર આર્થિક અને વાણિજ્યક સંબંધો વિકસાવવા તત્પર છે તેને આવકારતાં જણાવ્યું કે આ દેશોએ ગુજરાતમાં સંયુક્તપણે ટ્રેડ સેન્ટર શરૂ કરવું જોઈએ જે બંને પક્ષો વચ્ચે સહભાગીતાના સંબંધો વિકસાવવામાં ઉપકારક બનશે.

## સાઈટ નહીં... ● પહેલા પાનું ચાલુ

લીધી છે. આ લેન્ડફિલ્ડ સાઈટ ડેવલપ કરવાની કામગીરી હાલ ચાલી રહી છે.

આ લેન્ડફિલ્ડ સાઈટમાં ગુડાનો પણ સમાવેશ કરવા માટે કલેક્ટરશ્રીએ કરેલા રિઓર્ડરને પગલે વિલંબ થયાનું મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ હજુ ગઈકાલની સામાન્ય સભામાં જણાવ્યું હતું. આ લેન્ડફિલ્ડ સાઈટ ડેવલપ કરવાના વિલંબના કારણો રજુ કરતાં તેમણે એમ પણ જણાવ્યું હતું કે આ માટે આપણી પાસે તકનીકી સ્ટાફની ઉપલબ્ધિ નથી.

ગાંધીનગર મહાનગરપાલિકાને સ્વચ્છતા અને લેન્ડફિલ્ડ સાઈટ માટે સરકારે રૂ. ૧૧ કરોડની રકમ ફાળવી હતી જેમાંથી મહાનગરપાલિકાએ રૂ. પાંચ કરોડ લેન્ડફિલ્ડ સાઈટના ડેવલપમેન્ટ માટે ફાળવવાનો નિર્ણય પણ કરી લીધો છે જે ઉલ્લેખનીય છે.

દરમ્યાન પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પેથાપુર નગરપાલિકા વિસ્તારમાંથી પાંચ ટન દૈનિક ઘનકચરો ઉત્પન્ન થાય છે. માણસા વિસ્તારમાંથી ૬.૭ ટન, દહેગામમાંથી ૧૦ ટન, કડીમાંથી ૧૨ ટન, કલોલમાંથી ૩૫ ટન અને ગાંધીનગરમાંથી ૭૬ ટન જેટલો કચરો મળી કુલ ૪૬૦ ટન જેટલો કચરો ઉત્પન્ન થાય છે.

આ ઘનકચરાનો નિકાલ કરવા માટે બોર્ડે પણ તેનાથી પ્રદૂષણ ના ફેલાય તે રીતે કામગીરી કરવા પર ભાર મુક્યો છે.

આ સૂત્રોના જણાવ્યાનુસાર ગુડા વિસ્તારમાં ઉત્પન્ન થતા ઘનકચરાના અંદાજો તૈયાર થઈ ગયા છે. જો કે ડમ્પીંગ સાઈટમાં તેનો સમાવેશ કરવાથી કોઈ અન્ય ભારણ નહિ વધે.

મ્યુનિ. ઘનકચરો (વ્યવસ્થા અને જાળવણી) નિયમો ૨૦૦૦ના અમલીકરણ માટે રાજ્યમાં ૨૯ જેટલા કલસ્ટર બનાવવામાં આવ્યા છે. જેમાં ગાંધીનગર કલસ્ટરનો પણ સમાવેશ થાય છે.

## દારૂ પીનારાની સંખ્યામાં વધારો... ● છેલ્લા પાનાનું ચાલુ

ધરાવતા તાલુકામાં કલોલ આવે છે. કલોલમાં ૨૦૧૧માં માત્ર ૯૨ પરમીટ આપવામાં આવી છે, જે ૨૦૦૭માં ૫૮ હતી.

શહેરમાં ગેરકાયદે દારૂ પીનારાની સંખ્યા તો અગણિત છે પરંતુ કાયદેસરનો દારૂ પીનારા લોકો સતત વધતા જાય છે. આરોગ્યના આધારે પરમીટધારકો વધી રહ્યાં છે.

શહેરની આસપાસ ડિફેન્સના થાણા હોવાથી તેમજ શહેરની એક હોટલને દારૂનું લાયસન્સ આપવામાં આવ્યું હોવાથી પરમીટ ધારકોની સંખ્યા વધે છે.

છેલ્લા પાંચ વર્ષમાં ગાંધીનગર શહેર-તાલુકામાં ૨૪૦૦ લોકોને દારૂની પરમીટ આપવામાં આવી છે. માણસામાં ૫૦૦, દહેગામમાં ૪૭૫ અને કલોલમાં ૪૫૦ની આસપાસ પરમીટ ધારકોની અરજી મંજૂર કરવામાં આવી છે.

નશાબંધી વિભાગે પાંચ વર્ષમાં કુલ ૩૫૦૦ પરમીટ આપી છે, જેમાં ૨૭૭૯૧ યુનિટ દારૂ આપવામાં આવ્યો છે. વિદેશી ટુરિસ્ટ, પરપ્રાંતના લોકો, વિઝિટર્સ, માજી સૈનિક અને હેલ્થ ગ્રાઉન્ડ ઉપર આ પરમીટ અને યુનિટ આપવામાં આવ્યા છે. ગ્રુપ પરમીટ માત્ર આઠ આપવામાં આવી છે.

### કંપની સમાચાર

## બજાજ ઓટોએ ડિસ્કવર ૧૨૫ એસટી લોન્ચ કર્યું

૨૦૧૨ વિશ્વની ત્રીજા ક્રમની સૌથી મોટી મોટરસાઈકલ કંપની બજાજ ઓટોએ અમદાવાદમાં આજે ડિસ્કવર ૧૨૫ એસટી લોન્ચ કર્યું હતું. આ તદ્દન નવા ડિસ્કવરની ડિઝાઈન રોજિંદા વપરાશના બાઈક્સમાં એક નવો પરિમાણ ઉમેરશે.

આ પ્રસંગે બોલતાં મોટરસાઈકલ બિઝનેસ વિભાગના પ્રેસિડેન્ટ શ્રી કે. શ્રીનિવાસે જણાવ્યું હતું કે, અમારા મતે દ્વિ- ચક્રી વાહન ચલાવનાર સરેરાશ દરેક ભારતીયે ઈંધણ કાર્યક્ષમતાના મામલે ઘણું સમાધાન કરવું પડે છે. ઘણાં સમયથી વાહનચાલકોએ વિકલ્પના અભાવે બોરિંગ બાઈક ચલાવવા પડે છે. નવી ડિસ્કવર સ્પોર્ટસ ટુરર (એસટી) આ મુદ્દે ધરખમ ફેરફાર લાવશે. ડિસ્કવર એસટી સાથે અમે જણાવીએ છીએ કે માત્ર બોરિંગ ડિઝાઈન અને જૂની લાક્ષણિકતાઓથી જ માઈલેજ મળે તેવું નથી. સ્પોર્ટસ બાઈક જેવી સ્ટાઈલ અને કાર્યક્ષમતા ધરાવતી હોવા છતાં નિયમિત બાઈક જેવી આરામદાયકતા અને કિફાયતી ડિસ્કવર એસટી ચલતા હૈના અભિગમને બદલી દૌડતા હૈ કરશે. બજાજ પેટન્ટેડ ડીટીએસ- આઈ ટ્વીન સ્પાર્ક ટેકનોલોજીથી સજ્જ આ બાઈકમાં શ્રેણીમાં સૌ પ્રથમવાર ૪ વાલ્વવાળું એન્જિન છે. આ બાઈક ઈંધણ કાર્યક્ષમતાને અસર કર્યા વગર વિક્રમજનક ૧૩ પીએસ પાવર આપે છે જે ૧૨૫ સીસીની શ્રેણીમાં સૌથી વધુ છે.

## શંકર મહાદેવન રજૂ કરે છે ભારતની પ્રથમ સાચી ડિજીટલ ટેલેન્ટ હન્ટ

આઈટીસીની ટોચની પર્સનલ કેર બ્રાન્ડ વિવેલ ફ્રેશ વોશ અને હંગામા ડિજીટલ મિડીયા એન્ટરટેઈનમેન્ટ પ્રા. લિ.એ ભારતનાં ટોચના સંગીતકાર શંકર મહાદેવન સાથેના સહયોગમાં ભારતની પ્રથમ સાચી ડિજીટલ ટેલેન્ટ હન્ટ વિવેલ ફ્રેશ વોશ પ્રેઝન્ટ્સ મોબિઝર રજૂ કરી છે. આ અજોડ અને નાવિન્યપૂર્ણ મોબાઈલ અને ઈન્ટરનેટ આધારિત ટેલેન્ટ હન્ટ પ્રત્યેક ભારતીયને તેમની ગાવાની પ્રતિભાને ચકાસવાની અનોખી તક પૂરી પાડશે. આ પ્રોપર્ટીની રજૂઆત મુંબઈમાં યોજાયેલા એક સમારંભમાં કરવામાં આવી હતી. તેમાં ગાયક અને સંગીતકાર શંકર મહાદેવન, આઈટીસીનાં પર્સનલ કેર પ્રોડકટસનાં હેડ ઓફ માર્કેટીંગ નીલાંજન મુખર્જી, ટી સિરીઝમાં મેનેજિંગ ડાયરેકટરશ્રી ભુષણકુમાર, હંગામા ડિજીટલ મિડીયા એન્ટરટેઈનમેન્ટનાં એમડી અને સીઈઓ શ્રી નીરજ રોય ઉપસ્થિત રહ્યા હતા. ભારતનું સૌથી મોટું મ્યુઝિક લેબલ ટી સિરીઝ આ પ્રોપર્ટીનું સત્તાવાર મ્યુઝિક પાર્ટનર છે.

## ફાયરક્ષેત્રના આઈટીઆઈ અભ્યાસક્રમોમાં પ્રવેશનો આરંભ

કારકિર્દીના એક આકર્ષક વિકલ્પ તરીકે ઝડપથી ઉભરી રહેલા ફાયરક્ષેત્રના આઈટીઆઈ અભ્યાસક્રમો ધોરણ ૧૦ પછી વિદ્યાર્થીઓને કારકિર્દી અને રોજગારીની શ્રેષ્ઠ તક પૂરી પાડે છે. ગુજરાતમાં અમદાવાદ જિલ્લા સાણંદ તાલુકાના ખોડા ગામે આવેલી કોલેજ ઓફ ફાયર ટેકનોલોજી (સીએફટી)માં ગુજરાત સરકારની માન્યતા પ્રાપ્ત આઈટીઆઈ (ફાયરમેન) અને આઈટીઆઈ (ઈન્ડસ્ટ્રીયલ સેફટી, ફાયરમેનશીપ અને ઈમર્જિંગ સર્વિસીસ)ના અભ્યાસક્રમોનો આરંભ થઈ રહ્યો છે. ૧૦૦ ટકા પ્લેસમેન્ટનો રેકોર્ડ ધરાવતા આ અભ્યાસક્રમોમાં ધોરણ ૧૦ પછી પ્રવેશ મળી શકે છે.

## મુખરજીને મત આપ્યો ● છેલ્લા પાનાનું ચાલુ

આ પદ માટે યુપીએના મુખ્ય ઉમેદવાર પ્રણવ મુકરજી અને એનડીએના ઉમેદવાર તરીકે પી.એ.સંગમા છે. ૨૨મી જુલાઈએ મત ગણતરી થવાની છે.

મતદાન સમયે ધારાસભ્યોમાં ભારે ઉત્સાહ દેખાયો હતો. કનુભાઈએ એન્ટ્રી કરી એટલે મિડીયા પર્સન તેમને ઘેરી વળ્યા હતા. તેઓ મત આપીને પરત આવ્યા પછી તેમણે કહ્યું કે ગુજરાતની સરકાર ખેડૂત વિરોધી નિતી અખત્યાર કરી રહી છે તેથી મેં મારો મત યુપીએના ઉમેદવાર પ્રણવ મુકરજીને આપ્યો છે.

તેમણે કહ્યું કે રાજ્યમાં કેશુભાઈ પટેલનું શાસન હોત તો ખેડૂતો માટે આવી અવદશા થઈ ન હોત. તેઓ હવે મેદાનમાં આવ્યા છે ત્યારે ખેડૂતોને આશા બંધાઈ છે.

પાર્ટીનો મેન્ડેટ મળ્યો હોવાનો તેમણે ઈન્કાર કરી કહ્યું હતું કે મેં તો પાર્ટીને કહી દીધું છે કે મને મુક્ત કરે પરંતુ તેઓ મને મુક્ત કરતા નથી. શું તમે કેશુભાઈને ટેકો આપશો એવા એક સવાલના જવાબમાં કનુભાઈએ કહ્યું કે મેં તેમની નવી પાર્ટીમાં જોડાવાનો વિકલ્પ ખુલ્લો રાખ્યો છે. હજી સમય છે તેથી હું વિચારી રહ્યો છું કે હું ક્યાં જઈશ, પરંતુ અમે ખેડૂત મિત્રો ચૂંટણી લડવાના છીએ.